રજુ તારીખઃ૧૪/૦૮/૨૦૨૫
નોંધ્યા તારીખઃ ૧૪/૦૮/૨૦૨૫
ફેંસલ તારીખઃ૨૯/૦૬/૨૦૨૬
અવધિઃ વર્ષ માસ દિવસ

==================================================

**સુરતના મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (મ્યુનિસિપલ) સાહેબની કોર્ટમાં,મુકામ–સુરત**

==================================================

ફોજદારી કેસ નંબર ૧૧૭૭/૨૦૨૫
આંક–.......

ફરીયાદી – શ્રી સરકાર.

વિરૂધ્ધ

આરોપીઓ (૧) ગર્વિત કુમુદકુમાર જૈન
રહે.૧૭૭ શિવપાર્ક, ગોડાદરા સુરત

**ગુન્હોઃ– બી.એન.એસ.ની કલમ ૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૫(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો.**

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

**ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી આર.એસ.મોઢ**
**આરોપી તરફે વિ.વકીલશ્રી એમ.એ.મોદી**

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

–// ચુ કા દો //–

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપી ગર્વિતનાએ ફરિયાદી જય સાથે બોલાચાલી કરી તેઓના ખિસ્સામાં રહેલ કાતર બહાર કાઢી ફરિયાદીને ચહેરા પર કાતરથી ઘા મારવા લાગતા ફરિયાદીએ ડાબા હાથથી બચાવ કરતા તેઓના ડાબા હાથે બાવળાના ભાગે, ચહેરાના નીચેના હોઠ ઉપરક, છતીના ભાગે

કાતર વાગતા લોહી નિકળતા ફરિયાદી ત્યાથી ભાગેલ ત્યારે આરોપીએ ફરિયદીન પીઠના ભાગે કાતરથી ઘા મારી ફરિયાદીને ગંભીર ઈજા પહોંચાડી નાસી જઇ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ આપતા બી.એન.એસ.ની કલમ ૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૫(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુન્હો ઉમરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૨૦૩/૨૦૨૫ થી નોંધાયેલ અને તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી તેમજ લાગતા વળગતા સાહેદોનાં વિગતવાર નિવેદનો નોંધી તપાસના અંતે આરોપી વિરુદઘ પુરતો પુરાવો જણાતાં આરોપીને અટક કરી ચાર્જશીટ કરતાં હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) સદરહુ કામે આરોપીને પ્રોસેસની ધોરણસર બજવણી થતાં આરોપી હાજર થયેલા હોઈ, જેમાં આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિરૂદ્ધ આંક–૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલું અને આંક–૬ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલી. તેમા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા તેની સામે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. આ કામે પ્રોસીક્યુશન તરફે રજૂ થયેલ પુરાવો નીચે મુજબ છે.

(૩) સદર કામે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

મૌખિક પુરાવો

| આંક | પુરાવાની વિગતો |
|---|---|
| ૮ | ફરિયાદી જય મનસુખભાઈની જુબાની |

લેખિત પુરાવો

| આંક | પુરાવાની વિગતો |
|---|---|
| ૯ | ફરિયાદ |
| ૧૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |

૧૧ રીકવરી પંચનામું

૧૨ સારવાર સર્ટીફિકેટ

૧૩ ફરિયાદીનું ડિસ્ચાર્જ સર્ટિફિકેટ

(૪) પ્રસ્તુત કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની અને આરોપી પક્ષે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સારૂ અલાયદો ઉલ્લેખ નહીં કરતાં સદરહું દલીલોનો, અહીં આપવામાં આવેલ કારણોમાં વિગતવાર સમાવેશ કરવામાં આવેલ છે.

(૬) આ કેસની તમામ હકીકતો,સંજોગો અને રજુ કરેલ પુરાવાઓને તથા બન્ને પક્ષે કરવામાં આવેલ દલીલોને ધ્યાને લેતા આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>મુદ્દા</u>

૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી ગર્વિતનાએ ફરિયાદી જય સાથે બોલાચાલી કરી તેઓના ખિસ્સામાં રહેલ કાતર બહાર કાઢી ફરિયાદીને ચહેરા પર કાતરથી ઘા મારવા લાગતા ફરિયાદીએ ડાબા હાથથી બચાવ કરતા તેઓના ડાબા હાથે બાવળાના ભાગે, ચહેરાના નીચેના હોઠ ઉપરક, છતીના ભાગે કાતર વાગતા લોહી નિકળતા ફરિયાદી ત્યાથી ભાગેલ ત્યારે આરોપીએ ફરિયદીના પીઠના ભાગે કાતરથી ઘા મારી ફરિયાદીને ગંભીર ઈજા પહોંચાડી નાસી જઈ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ આપતા બી.એન.એસ.ની કલમ ૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૫(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાનાં મારા નિર્ણયો નીચેનાં કારણોસર નીચે મુજબ છે.

૧) નકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

<u>-// કા ર ણ //-</u>

<u>**મુદ્દા નંબર–૧.**</u>

(૮) આ કામે આરોપી સામેનો હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનાં સિધ્ધાંત અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે. તથા હાલનાં ગુનામાં આરોપી વિરૂધ્ધની હકીકતો નિઃશંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે.

(૮.૧) આ કામે ફરીયાદ પક્ષે સાહેદ આંક ૮ થી ફરિયાદી જય મનસુખભાઈને સોગંદ ઉપર તપાસેલા છે અને તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાંવે છે કે, તેઓ ફીલનસર એ.આઇ.ની કામગીરી કરે છે. આરોપી ગરવીત તેઓના કલાસમેટ હોય તેઓને ઓળખે છે. તા.૨૧.૪.૨૦૨૫ ના રોજ રાતે ૯.૩૦ થી ૧૦ ના અરસામાં ફરિયાદી, આરોપી એક જ ફેકલ્ટીમાં કોલેજમાં હોય તે દરમિયાન અનુષ્કા નામની વિધાર્થીની કે જે તપણ તઓની સાથે તેઓની ફેકલમટીમાં અભ્યાસ કરતી હોય તેણી સાથે તેઓના મિત્રતા કેળવાયેલી. અનુષ્કા સાથે આરોપીને પણ મિત્રતા કેળવાયેલી. જે બાબતેને લઈને ફરિયાદી અને આરોપી વચ્ચે મનદુખ થતા સામાન્ય બોલાચાલી થયેલી અને આ દરમિયાન તેઓને ધકકો વાગતા લોખંડના એંગલ સાથે અથડાતા તેઓ પડી જતા મોઢાના ભાગે, હાથના ભાગે, પીઠના ભાગે ઈજાઓ થયેલી. જે અંગે સારવાર સનશાઈન ગ્લોબલ હોસ્પિટલમાં લીધેલી અને પોલીસ આવતા તેઓએ ફરિયાદી આપેલી જે આંક ફરિયાદમાં સહી ઓળખી બતાવેલ છે અને આંક ૯ થી ફરિયાદ રજુ કરેલ છે. તે સિવાય કંઈ બનેલ નથી. આ ફરિયાદ પક્ષના સાહેદે તેઓની સરતપાસમાં ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થનકારી પુરાવા આપેલ ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ છે. પરંતુ એ.પી.પી.શ્રીની ઉલટ તપાસમાંથી પણ ફરીયાદ પક્ષનાં કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ બહાર લાવી શકેલ નથી.

ત્યારબાદ આરોપી તરફે કોઈ ઉલટતપાસમાં સાહેદે સ્વીકાર કરેલ છે કે, તેઓએ આવેશમાં આવીને ફરિયાદ આપેલી, આરોપીના હાથમાં તેઓએ કોઈ હથિયાર જોયેલ નહી, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી, આરોપીએ તેઓને કોઈ માર મારેલ નથી, તેઓ રાજીખુશીથી જુબાની આપે છે.

(૯) આમ સદર કામે ફરીયાદ પક્ષનાં રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદ પક્ષે આંક ૮ થી ફરિયાદી જય મનસુખભાઇનાએ સરતપાસમાં ફરિયાદી અને આરોપી વચ્ચે મનદુખ થતા સામાન્ય બોલાચાલી થયેલી અને આ દરમિયાન તેઓને ધકકો વાગતા લોખંડના એંગલ સાથે અથડાતા તેઓ પડી જતા મોઢાના ભાગે, હાથના ભાગે, પીઠના ભાગે ઈજાઓ થયેલ હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે. ત્યારબાદ આરોપી તરફે કોઈ ઉલટતપાસમાં સાહેદે સ્વીકાર કરેલ છે કે, તેઓએ આવેશમાં આવીને ફરિયાદ આપેલી, આરોપીના હાથમાં તેઓએ કોઈ હથિયાર જોયેલ નહી, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી, આરોપીએ તેઓને કોઈ માર મારેલ નથી, તેઓ રાજીખુશીથી જુબાની આપે છે. આમ ઉપરોકત ઉલટતપાસમાં ફરિયાદીની બનાવ હકીકતોનો ઈન્કાર કરેલ છે તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આ સિવાય અન્ય કોઈ સાહેદોને તપાસેલા નથી. વધુમાં ફરિયાદપક્ષે આ સિવાય કોઈ સાહેદોને તપાસેલા નથી. આમ આ કામે કેસના રેકર્ડ ઉપર રજુ થયેલ ફરીયાદીના પુરાવાથી આરોપી સામેનો કેસ શંકાથી પર (**Beyond Reasonable Doubt**) પુરવાર થયેલ નથી.

કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર ન થાય ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન કરવામાં આવે છે અને ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર (Beyond Reasonable Doubt) પુરવાર કરવો પડે. હાલના કામે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

આ સબબ નામદાર સુપ્રિમ કોર્ટે "મનુ શર્મા વિરૂધ્ધ સ્ટેટ (**NCT of Delhi**) ૨૦૧૦(૬) એસ.સી.સી. ૧" માં નીચે મુજબનો અભિગમ નોંધેલ છે.

"197. In the Indian criminal jurisprudence the accused is placed in a somewhat advantageous position then under different jurisprudence of some of the countries in the world. The criminal justice administration system in India places human rights and dignity for human life at a much higher pedestal. In our jurisprudence an accused is presumed to be innocent till proved guilty, the alleged accused is entitled to fairness and true investigation and fair trial and the prosecutions is expected to play balanced role in the trial of a crime. The investigation should be judicious, fair, transparent and expeditious to ensure compliance with the basic rule of law. These are the fundamental canons of our

criminal jurisprudence and they are quite in conformity with the constitutional mandate contaimed in Article– 20 and 21 of the Constitution of India."

આમ, ઉપરોકત તમામ ચર્ચા, કેસની હકીકત, રજૂ થયેલ પુરાવો તથા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર કોર્ટના ચુકાદાઓ ધ્યાને લેતાં અત્રેની કોર્ટનું સ્પષ્ટ માનવું છે કે, આ કામે આરોપીઓ વિરૂધ્ધનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. જેથી હાલના કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવવા ન્યાયોચિત જણાતું ન હોય છોડી મૂકવા જોઈએ. જેથી મુદ્દા નંબરઃ ૧ નો નિર્ણય "નકારમાં" ઠરાવું છું.

મુદ્દા નંબરઃ૨– આ કામે મુદ્દા નંબર–૧ ના પરિણામ સ્વરૂપ ફરિયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય, નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

–// હુકમ //–

આ કામનાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧ અન્વયે બી.એન.એસ.ની કલમ ૧૧૮(૨), ૧૧૮(૧), ૧૧૫(૨) તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના સજાને પાત્ર ગુન્હા માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ ગુનાના કામે કબજે કરેલ બિનકિંમતી મુદામાલનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવો.

આરોપીનાં ટ્રાયલ સમયના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવેછે.

હુકમ આજ તા.૨૯મી, માંહે–જૂન સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ. ૨૯ /૦૬/૨૦૨૬ મારા રૂબરૂ,
સ્થળ– સુરત

**(અવનિશ મહેન્દ્ર ઓઝા)**
**જ્યુડી.મેજી.ફ.ક.(મ્યુનિસિપલ),સુરત**
**જજ કોડ નં.જીજે૦૧૬૪૮**